**ક્રિમી.ઈન્કવાયરી નં. ૨૨/૨૦૧૮**
**( મુળ ફોજ. પર. અરજી. નં.૧૩/૨૦૧૪**
**જુનો ક્રીમી.ઈન્કવાયરી નં.૧૪૭૮/૨૦૧૭ )**

**<u>આંક-૧ અન્વયેનો હુકમ.</u>**

(૧) સદર કામ સને-૨૦૧૪ માં દાખલ કરવામાં આવેલ. ફરીયાદી તથા તેમના વકીલશ્રી સદર કામે ઘણા સમયથી હાજર નથી. સદર કામે આંક-૧૨ થી તા.૨૩/૦૩/૨૦૧૬ ના રોજ તપાસ કરનાર અધિકારીએ રીપોર્ટ રજુ કરેલ અને તેમાં ઓલપાડ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૭૧/૨૦૧૪ ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૧૧૪, ૧૨૦બી મુજબના ગુનાની એફ.આઈ.આર. તથા ચાર્જશીટ અડધિયાની નકલ મોકલી આપેલનું જણાવેલ. જે અંગે અત્રેની અદાલતે ઈ કોર્ટ વેબસાઈટમાં તપાસ કરતા સદર ગુનાનો કેસ નં.૬૮૭/૨૦૧૮ અત્રેની કોર્ટમાં તા.૧૫/૦૫/૨૦૧૮ ના રોજ ટ્રાન્સફર થઈને આવતા પડેલ. જે ગુનાના કામે તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ ફરીયાદી તથા આરોપી તર્ફે આંક-૩૦ થી સમાધાન થતા આરોપીઓને ૪૦૬, ૪૨૦ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ અને ફરીયાદીએ આંક-૩૧ ની સોગંદ પરની જુબાનીમાં આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય કાર્યવાહી આગળ ચલાવવા ન માંગતા હોવાનું જણાવતા આંક-૩૩ ક્લોઝીંગ પુરશીસ આપતા આરોપીઓને ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવેલ હોય તે સાથે સંકાળાયેલ ગુનો ઈ.પી.કો. કલમ-૧૨૦(બી), ૧૧૪ ની જોગવાઈ મુજબનો આરોપી સામેનો ગુનો ટકતો ન હોય ફરીયાદીને પણ સદર કામ ચલાવવામાં રસ ન હોય આરોપીઓને સી.આર.પી.સી કલમ-૨૩૯ મુજબ બિનતહોમત ઠરાવવાનો હુકમ કરેલ છે. ફરીયાદીને અવારનવાર રોજકામ ધ્યાને લેતાં સદર કામે હાજર રહેવાની નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ છે. આંક-૧૩ મુજબ તા.૧૮/૦૯/૨૦૨૫ ની ફરીયાદીને નોટીસ બજેલ છે. ફરીયાદી સદર કામે હાજર રહેલ નથી. આંક-૧૨ ના રીપોર્ટ અન્વયેના ક્રીમી. કેસ નં.૬૮૭/૨૦૧૮ ના કામે અત્રેની અદાલતે આરોપીઓને ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૨૦, ૧૧૪, ૧૨૦બી મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવેલ હોય સદર ઈન્કવાયરી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજરોજ તા.૦૬ ઠ્ઠી, માહે.જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૬/૨૦૨૬
ઓલપાડ.

(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)
પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ. અને
એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, ઓલપાડ
Code No. GJ00555